THE EDUCATION STATE

EARLY CHILDHOOD

# સંક્રમણ: શાળાએ જવાની એક હકારાત્મક શરૂઆત

*Transition Learning and Development Statement* પૂર્ણ કરવા માટે પરિવારોને સહાય કરવા માટેના દેશાનિર્દેશો

## શાળાએ જવાની હકારાત્મક શરૂઆત શા માટે અગત્યની છે?

શાળાએ જવાની એક હકારાત્મક શરૂઆત સંક્રમણ સમય અને તે પછીના સમય દરમિયાન તમારા બાળક માટે બહેતર શિક્ષણ અને સુખાકારી તરફ દોરી જાય છે. અસરકારક અને સકારાત્મક સંક્રમણોની ખાતરી કરવાથી તમારા બાળકના શિક્ષણ અને વિકાસના સાતત્યને વેગ મળે છે. અભ્યાસ ઓળખની સાતત્યતા કે જે તમારા બાળકના પહેલાંના અને હાલના અનુભવોને આધારે બાંધેલ હોય તેના પર વધુ ભાર મૂકીને તેમને સુરક્ષિત અનુભવવા, વિશ્વાસ કેળવવા અને લોકો, સ્થળો, પ્રસંગો, દિનચર્યાઓ અને સમજણ સાથે જોડાવામાં સહાય કરે છે. શાળાએ જવાની હકારાત્મક શરૂઆત યુવાન લોકોમાં ઉલ્લાસને પ્રોત્સાહન આપવા સાથે સીધો સંબંધ ધરાવે છે.

## TRANSITION LEARNING AND DEVELOPMENT STATEMENT શું છે?

બાળપણની સેવાઓ, શાળાઓ, શાળા સિવાયના સમયની કાળજી (OSHC) ની સેવાઓ અને પરિવારો એ તમામ બાળકોની શિક્ષણ અને સુખાકારી સંભાળના ભાગીદારો છે. સેવાઓ, શાળાઓ અને પરિવારો વચ્ચે માહિતી શેર કરવાનું સરળ બનાવવા માટે વ્યક્તિગત Transition Learning and Development Statement (ઉત્તરોત્તર નિવેદન) બાળપણની સેવા દ્વારા એવા દરેક બાળકો માટે લખવામાં આવે છે જેઓ શાળાએ જાય છે.

ઉત્તરોત્તરનું નિવેદન તમારા બાળકના અભ્યાસ, વિકાસ અને સુખાકારી વિશેની માહિતી બાળપણની સેવાઓ આપનાર અને શાળાઓ સાથે શેર કરે છે. ઉત્તરોત્તરનું નિવેદન તમારા બાળકની રુચિ, કુશળતા અને અવડતનો સારાંશ આપે છે અને તમારા બાળકને તેના અભ્યાસ દરમિયાન સમર્થન આપવા માટે વ્યક્તિગત અભિગમ અને શિક્ષણ વ્યૂહરચનાને ઓળખે છે.

ઉત્તરોત્તરનું નિવેદન તમારું બાળક જે રીતે શાળામાં શીખે છે તે સમજવા, સમર્થન આપવા, તે વિશે સંચાર કરવા અને તરફદારી કરવામાં તમારી સહાય કરી શકે છે. ઉત્તરોત્તરના નિવેદનમાંની માહિતી પાઠ શિક્ષકોને તમારા બાળકને જાણવા અને યોગ્ય શિક્ષણ અને શીખવાના કાર્યક્રમોની યોજના બનાવવામાં સહાય કરે છે. જો તમે તમારું બાળક OSHC માં જાય એવી યોજના બનાવી રહ્યાં હોવ, તો ઉત્તરોત્તરનું નિવેદન OSHC ના કેળવણીકારોને OSHC સેવામાં તમારા બાળકની સંલગ્નતા અને સુયોજનો વચ્ચે સાતત્યતા જાળવવામાં સહાય કરે છે.

ઉત્તરોત્તરનું નિવેદન તમારા બાળકનું નામ, જન્મ તારીખ અને ફોટો, તમારું નામ અને સંપર્ક વિગતો સહિત, કેટલીક વ્યક્તિગત માહિતી સમાવે છે. તે તમારા બાળકનું સમર્થન કરી રહ્યાં હોય તેવા અન્ય બાળપણ પ્રોફેશનલોનું નામ અને સંપર્ક વિગતો પણ સમાવી શકે છે.

તમારા બાળકની સંક્રમણ નિવેદન યોગદાન શાળા પ્રવૃત્તિઓ સંક્રમણ તમે અને તમારા બાળક શાળામાં શરૂ થાય તે પહેલાં અને શાળા વર્ષ દરમિયાન ભાગ લઈ શકે છે.

## ઉત્તરોત્તર નિવેદનનો કયો ભાગ મારે ભરવાનો છે?

વિભાગ 1 અને 1.1 તમારા બાળકના બાળપણના શિક્ષક દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

વિભાગ 1.2 જો તમારું બાળક વિકાસલક્ષી વિલંબ અથવા અપંગતા ધરાવતું હોય તો તમારા બાળકના બાળપણના શિક્ષક દ્વારા ભરવામાં આવી શકે છે. તમારા બાળકનું સમર્થન કરનાર અન્ય બાળપણના પ્રોફેશનલો પણ આ વિભાગમાં લખી શકે છે.

વિભાગ 2: "બાળક" - આ વિભાગ તમારા બાળક દ્વારા તે જેમને ઓળખે છે અને જેમની સાથે સ્વસ્થતા અનુભવે છે તેવા વયસ્ક સાથે પૂર્ણ કરવામાં આવે છે. આમાં તમે અથવા તમારા બાળકના બાળપણમાં શિક્ષકનો સમાવેશ થાય છે.

વિભાગ 3: "કુટુંબ" એ તમારે ભરવા માટે છે. તમારા બાળકનું ઉત્તરોત્તરનું નિવેદન માટે તમારી યથાર્થતાનો ફાળો આપવો અગત્યનો છે. આ વિભાગ તમને સહાય કરવા માટે પ્રશ્નોની એક શૃંખલા સમાવે છે.આ પ્રશ્નોમાંથી અમુક અથવા બધાનો જવાબ આપવાથી તમારા બાળકના શિક્ષક અને OSHC કેળવણીકાર (લાગુ પડતુ હોય ત્યાં) ને તમારા બાળક અને તમારા કુટુંબને યોગ્ય રીતે પ્રતિભાવ આપવા માટે સહાય કરી શકે છે અને તમારા બાળકના અભ્યાસ અને વિકાસમાં સમર્થન આપશે.

## હું ઉત્તરોત્તરના નિવેદનમાં મારો ભાગ ભરી લઉં પછી શું થાય છે?

જ્યારે તમે વિભાગ 3: "કુટુંબ" ભરી દો પછી તમારા બાળકના બાળપણના શિક્ષકને તે પરત કરી દો. જો તમે વિભાગ 2: "બાળક" ભરવામાં તમારા બાળકની મદદ કરી હોય, તો તેને વિભાગ 3 સાથે પરત કરો.

તમારા બાળકના બાળપણના શિક્ષક ઉત્તરોત્તરના નિવેદનના તમામ વિભાગોનું સંકલન કરીને તમને એક પૂર્ણ નકલ આપશે.

તમારા બાળકના બાળપણના શિક્ષક પૂર્ણ ઉત્તરોત્તરના નિવેદનની નકલ તમારા બાળકની શાળા અને OSHC સેવા (લાગુ પડતું હોય ત્યાં) સાથે પણ શેર કરશે.

તમારું બાળક કઈ શાળાએ જશે તેની તમને ખાતરી ન હોય, તો તમારા બાળકના બાળપણના શિક્ષક તમને ઉત્તરોત્તરના નિવેદનની એક બીજી નકલ પ્રદાન કરશે જેથી તમે તમારા બાળકની નોંધણી કરાવો ત્યારે તમારા બાળકની શાળાએ એક નકલ પ્રદાન કરી શકો.

જો વિભાગ 3: "કુટુંબ" સેવા પ્રદાતા પાસેથી પરત આવ્યો ન હોય, ત્યારે તમારા બાળકના બાળપણના શિક્ષક તમારા બાળકની શાળા અને OSHC સેવા (લાગુ હોય ત્યાં) સાથે પૂર્ણ થયેલા વિભાગો શેર કરશે અને શેર કરેલાની એક નકલ તમને રાખવા માટે આપશે.

શાળાઓના સંશોધન અને પ્રતિસાદ દર્શાવે છે કે આ માહિતી શેર કરવાનું શાળાના સફળ સંક્રમણનું સમર્થન કરે છે. તેમ છતાં, જો તમારા બાળક વિશેની કોઈ સંબંધિત માહિતી તમારી શાળા સાથે શેર કરવામાં આવે તેવું તમે ઈચ્છતા ન હોવ, તો કૃપા કરીને તમારા બાળકના બાળપણના શિક્ષક સાથે આ અંગે ચર્ચા કરો.

## વધુ માહિતી માટે

કૃપા કરીને www.education.vic.gov.au/transitiontoschool ની મુલાકાત લો

આ દસ્તાવેજનો ઘણી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે જે www.education.vic.gov.au/transitiontoschool પર ઉપલબ્ધ છે

VICTORIA State Government | Education and Training